જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વડોદરા
અનાવીલ ભવન સામે, કારેલીબાગ, વડોદરા.
ફોન નં./ફેક્સ નં. ૦૨૬૫-૨૪૬૧૭૦૩ ઈ – મેઈલ : vadodeo@gmail.com

ક્રમાંક. ક-૩/પરચ/2026-27/11327 તા.23/10/2026

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા., મા. અને ઉ.મા.શાળાઓ(તમામ),
જી. વડોદરા.

વિષય:- ASUSE-2026 સર્વેની કામગીરી માટે શાળાઓને જરૂરી મંજૂરી તથા સહકાર આપવા બાબત...

સંદર્ભ :-1)કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:COS/0168/10/2026, તા.07/10/2026
2)નેશનલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ, વડોદરાના પત્ર ક્રમાંક: 11011/ ASUSE/ GUJ/ E/ COORD./2026/1056, તા.23/10/2026

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી શાળાઓએ ASUSE-2026 સર્વે હેઠળ અધિકૃત કર્મચારીઓ શાળાની મુલાકાત લે, ત્યારે જરૂરી માહિતી એકત્રિત કરી પ્રવેશ મંજૂરી આપવા, તેમજ સર્વેની કામગીરી પૂર્ણ કરવા માટે અને જરૂરી સહકાર આપવા માટે જણાવવામાં આવે છે.

(એમ.આર.પાંડે)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

બિડાણ: સંદર્ભ પત્ર

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सत्यमेव जयते

DATA FOR DEVELOPMENT

भारत सरकार
Government of India
सांख्यिकीय एवं कार्यक्रम कार्यान्वयन मंत्रालय
Ministry of Statistics and Programme Implementation
राष्ट्रीय सांख्यिकी कार्यालय (क्षेत्र संकार्य प्रभाग)
National Statistics Office (Field Operations Division)
क्षेत्रीय कार्यालय : वडोदरा
Regional Office: Vadodara

एन एस एस ओ भवन, म्यु० वार्ड 12 कार्यालय के पास, अकोटा, वडोदरा-390020
NSSO Bhawan Beside VMC Ward NO .12 Office Akota, Vadodara-390020
Tel No. 0265-2962853/2310883 E-mail Id: - fodro.brd@gmail.com, ro.brd-fod@nic.in

F. No. सं-11011/ASUSE/GUJ/E/COORD. /2026 /1066 **दिनांक: 23/10/2026**

सेवा में,
जिला शिक्षा अधिकारी
वडोदरा

विषय:- असंगठित क्षेत्र के उद्यमों के वार्षिक सर्वेक्षण (Annual Survey of Unincorporated Sector Enterprises/ASUSE) के सम्बन्ध में।

आदरणीय महोदय,

उपरोक्त विषय के संदर्भ में, आपको सूचित किया जाता है कि राष्ट्रीय सांख्यिकीया कार्यालय के तहत आपके विस्तार का इस कार्यालय के अधिकारियों द्वारा **अक्टूबर - 2026** मे सर्वेक्षण कार्य किया जाना है।

2. सांख्यिकी एवं कार्यक्रम कार्यान्वयन मंत्रालय द्वारा कराया जाने वाला यह आर्थिक सर्वेक्षण बहुत ही महत्वपूर्ण है इसके तहत किए गए सर्वेक्षण में देश के सकल घरेलु उत्पाद में योगदान के साथ साथ इस क्षेत्र में प्रतिष्ठानों की संख्या एवं रोजगार का परिणाम जो अकुशल, अर्द्ध कुशल एवं कुशल व्यक्तियों के आँकड़े प्रदान करता है। योजना एवं नीति निर्माण के लिए असमाविष्ट नियमित प्रवाह के लिए एक नियमित सर्वेक्षण किया जा रहा है। इस सर्वे के अंतर्गत आपके उद्यम का चयन किया गया है। हमारे कार्यालय की विस्तृत जानकारी के लिए आप हमारी वेबसाइट www.mospi.gov.in देख सकते है।

3. अत: आपसे अनुरोध है कि आप सर्वेक्षण कार्य हेतु श्री **विशाल ठाकोर- सर्वे प्रगणक** को आवश्यक सहयोग प्रदान करें।

संपर्क सूत्र - **श्री विशाल ठाकोर** 7405636194

8-3

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની લૉગણી નં. 4882
તારીખ 23/10/2026
સહી
કચેરીની સહી

भवदीय,
Amit Kumar
23/10/26
अमित कुमार / Amit Kumar
वरिष्ठ सांख्यिकीय अधिकारी
Senior Statistical Officer
भारत सरकार/Government of India
रा.सां.का. (क्षे.सं.प्र.)/NSO (FOD)
वडोदरा-390020 / Vadodara-390020

Commissionerate of Schools,
Vidhya Samiksha Kendra, Second Floor,
Sector-19, Gujarat Rajya,
Gandhinagar.-382021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય: **ASUSE-2026** સર્વેની કામગીરી માટે શાળાઓને જરૂરી મંજૂરી તથા સહકાર આપવા સૂચના આપવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક DESG/0062/09/2026, તા. ૨૫-૦૯-૨૦૨૬.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) હેઠળ ASUSE-2026 (Annual Survey of Unincorporated Sector Enterprises) સર્વેની કામગીરી રાજ્યમાં હાથ ધરવામાં આવી રહી છે.

આ સર્વે અંતર્ગત નિયત નમૂના મુજબ વિવિધ એકમોની મુલાકાત લઈ જરૂરી માહિતી એકત્રિત કરવાની કામગીરી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરીના તાબા હેઠળની આંકડા અધિકારી નિરીક્ષણની કચેરીઓના ક્ષેત્રીય કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. પસંદ થયેલા ગ્રામ્ય/શહેરી વિસ્તારોમાં Unincorporated એકમો તરીકે સરકાર સહાયિત તથા ખાનગી શાળાઓનો પણ સમાવેશ થાય છે, જેથી આવી શાળાઓની મુલાકાત લઈ માહિતી મેળવવાની આવશ્યકતા ઊભી થાય છે.

ક્ષેત્રીય કામગીરી દરમિયાન કેટલાક કિસ્સાઓમાં શાળા સત્તાધિકારીઓ દ્વારા શાળામાં પ્રવેશ/માહિતી એકત્રિત કરવાની મંજૂરી આપવામાં આવતી ન હોવાનું ધ્યાને આવ્યું છે. પરિણામે સર્વેની સમયબદ્ધ કામગીરી પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

ASUSE-2026 એક સત્તાવાર આંકડાકીય સર્વે હોઈ, સર્વેની ગુણવત્તા જાળવવા તથા નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા માટે પસંદ થયેલી શાળાઓ તરફથી જરૂરી સહકાર મળવો આવશ્યક છે.

આથી, આપના હસ્તકની જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી શાળાઓને ASUSE-2026 સર્વે હેઠળ અધિકૃત કર્મચારીઓ શાળાની મુલાકાત લે ત્યારે તેમને જરૂરી માહિતી એકત્રિત કરવા માટે પ્રવેશની મંજૂરી આપવા, સર્વેની કામગીરી પૂર્ણ કરવા જરૂરી સહકાર આપવા આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક(SEMIS MIS)
કમિશનર શાળાઓની કચેરી

File No: COS/SDG/e file/276/2024/0226/11 Cell
Approved By: Deputy Director,Higher secondary section,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign